સચિન તેન્ડુલરની વનડે ક્રિકેટમાંથી નિવૃત્તિ

નવી દિલ્હી,તા. ૨૩

માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકર અને ક્રિકેટના ભગવાન તરીકે ચાહકોમાં પૂજાતા સચિન તેન્ડુલકરે વનડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી દીધી છે. સચિને વનડેમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરતા પોતાની ૨૩ વર્ષની શાનદાર લાંબી વનડે કેરિયરનો અંત આવી ગયો છે. સચિન તેન્ડુલકરની નિવૃત્તિના સમાચાર ફેલાતાની સાથે જ ક્રિકેટ ચાહકોમાં તર્ક વિતર્કોનો દોર શરૂ થયો હતો. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ એટલે કે બીસીસીઆઈને આજે સચિન તેન્ડુલકરે નિવેદનમાં આ મુજબની વાત કરી હતી. સચિને બીસીસીઆઈ પ્રમુખ શ્રીનિવાસનને મોકલવામાં આવેલા સંદેશામાં જણાવ્યું હતુ કે તે વનડેમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કરી ચુક્યો છે. વિશ્વકપ વિજેતા ટીમના હિસ્સા હોવા બદલ ગૌરવની લાગણી વ્યક્ત કરતા સચિને કહ્યુ છે કે તેનું એક સ્વપ્ન પણ પૂરું થયું છે. વિશ્વકપ ૨૦૧૫ને જીતવા માટેની વહેલીતકે અને યોગ્યરીતે તૈયારી થવી જોઈએ. ટીમને ભવિષ્યમાં સફળતા માટે સચિને શુભકામના આપી હતી. સચિને કહ્યુ હતુ કે તેના કરોડો ચાહકો અને સમર્થકો તરફથી જે સમર્થન મળ્યુ છે તેનાથી તે ખૂબજ ગર્વની લાગણી અનુભવ કરે છે સાથે સાથે તમામ ચાહકોનો આભાર પણ માનવા માંગે છે. સચિને વનડેમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય એવા સમયે કર્યો છે જ્યારે ભારતીય પસંદગીકારો પાકિસ્તાન સામેની શ્રેણી માટે ટીમની પસંદગી કરનાર હતા. આધુનિક ક્રિકેટના સૌથી સફળ બેટ્સમેન અને સરડોનાલ્ડ બ્રેડમેન બાદ વિશ્વ ક્રિકેટના સૌથી ધરખમ બેટ્સમેન ગણાતા સચિને વનડેમાં સૌથી વધુ

રન બનાવનાર બેટ્સમેન તરીકે નિવૃત્તિ લીધી છે. તેન્ડુલકરે ૪૬૬ વનડે મેચો રમીને ૪૪.૮૩ રનની સરેરાશ સાથે ૧૮૪૨૬ રન બનાવ્યા છે. આ બેટ્સમેને ક્રિકેટના મોટાભાગના રેકોર્ડ પોતાના નામ પર કર્યા છે. સચિને વનડે ક્રિકેટમાં ૪૯ સદી અને ૯૬ અડધી સદી ફટકારી છે. વનડે ક્રિકેટમાં સૌથી પ્રથમ બેવડી સદી ફટકારવાનો રેકોર્ડ પણ સચિનના નામ પર છે. સચિને ૧૯૮૯માં પાકિસ્તાન સામે વનડે ક્રિકેટમાં એન્ટ્રી કરી હતી. અને પાકિસ્તાન સામેની શ્રેણી પહેલા જ વનડેમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. સચિને તેન્ડુલકરે છ વિશ્વકપમાં ભાગ લીધો હતો. સચિન ૨૦૦૬માં ટી-૨૦માં એક માત્ર મેચ રમી હતી ત્યારબાદથી ટ્વેન્ટી ક્રિકેટમાં રમ્યો નથી. સચિન છેલ્લા એક વર્ષથી સતત સારુ પ્રદર્શન કરી રહ્યો નથી જેથી તેના ભાવિને લઈને તર્ક વિતર્કો ચાલી રહ્યા હતા. સચિને પોતાની છેલ્લી સદી બાંગ્લાદેશ સામે આ વર્ષે માર્ચમાં ફટકારી હતી આ સદીથી તેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૦૦ સદી પૂરી થઈ હતી. સચિને ભારતમાં વિશ્વકપની ઝૂંબશમાં બે સદી ફટકારી હતી. સચિન એક વર્ષ સુધી ૯૯ સદી પર અટકેલો રહ્યો હતો. તાજેતરના વર્ષોમાં ખરાબ ફોર્મમાં હોવા છતાં સચિનના રેકોર્ડ સુધી પહોંચવાની બાબત હવે કોઈના માટે શક્ય નથી. સચિન બાદ બીજા નંબર પર રિકી પોન્ટીંગ છે પોન્ટીંગે વનડેમાં ૧૩૭૦૪ રન બનાવ્યા હતા તે પણ નિવૃત્તિ લઈ ચુક્યો છે. સનથ જયસૂર્યા ૧૩૪૩૦ રન બનાવી ચુક્યો છે અને તે પણ નિવૃત્તિ લઈ ચુક્યો છે. બોલિંગમાં પણ સચિન કમાલ દર્શાવી ચુક્યો છે. સચિને વનડે કેરિયરમાં ૧૫૪ વિકેટ લીધી છે. બે વખત પાંચ વિકેટ પણ લીધી હતી. ટેસ્ટ ક્રિકેટમાં પણ સચિનનો કોઈ જવાબ રહ્યો નથી. સચિને ૧૯૪ ટેસ્ટ મેચોમાં ૫૪.૩૨ની સરેરાશ સાથે ૧૫૬૪૫ રન બનાવ્યા છે. તેના નામ પર ૫૧ સદી અને ૬૬ અડધી સદી સામેલ છે.

સચિને નિવૃત્તિનો નિર્ણય છેલ્લા ૭૨ કલાકમાં કર્યો

નવી દિલ્હી,તા. ૨૩

માસ્ટર બ્લાસ્ટર સચિન તેન્ડુલકરે વનડે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય છેલ્લા ૭૨ કલાકમાં કર્યો હતો. અલબત્ત સચિન તેન્ડુલકરે ગઈકાલે મોડી રાત્રે જ બીસીસીઆઈને જાણ કરી હતી. સચિન સાથે સંકળાયેલા નજીકના સુત્રોએ કહ્યુ છે કે સચિન તેન્ડુલકરે છેલ્લા ત્રણ દિવસમાં આ નિર્ણય કર્યો હતો. બીસીસીઆઈના પ્રમુખ એનશ્રિનિવાસનને ગઈકાલે મોડી રાત્રે જ વિધિવતરીતે જાણ કરવામાં આવી હતી. નામ જાહેર નહીં કરવાની શરતે સચિનના એક નજીકના મિત્રએ કહ્યુ છે કે નાગપુર ટેસ્ટ બાદ મુંબઈ સચિન તેન્ડુલકર પરત ફર્યો ત્યારે સચિને સેલફોન બંધ કરી દીધો હતો અને ત્રણ દિવસ સુધી ગંભીર ચર્ચામાં રહ્યો હતો. માત્ર તેની પત્નિ અંજલી પાસે જ તેનો નંબર રહ્યો હતો. શુક્રવારે મોડી રાત્રે સચિને પરિવાર સાથે અને મિત્રો સાથે ફરી સંપર્ક સ્થાપિત કર્યો હતો અને વનડેમાંથી નિવૃત્તિની વાત કરી હતી. પાકિસ્તાન સામેની શ્રેણીમાં પણ તે રમવા માટે ઈચ્છુક નથી તેવી પણ વાત કરી છે.

આક્રોશથી સરકાર ભયભીત

હવે સોનિયા ગાંધીની પણ દેખાવકારો સાથે વાતચીત

ઈન્ડિયા ગેટની નજીકના આઠ સ્ટેશન બંધ

નવી દિલ્હી,તા. ૨૩

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી આજે સવારે પોતના આવાસ ૧૦, જનપથની બહાર દેખાવ કરી રહેલા વિદ્યાર્થીઓને મળ્યા હતા અને યુપીએ ગેંગરેપના મામલે ખુબજ ગંભીર હોવાની ખાતરી આપી હતી સાથે સાથે બનતા તમામ

પગલા લેવાની ખાતરી આપી હતી. દેશભરમાં થઈ રહેલા પ્રચંડ વિરોધપ્રદર્શનના કારણે હવે સરકાર પણ ભયભીત થઈ ગઈ છે. ગયા સપ્તાહમાં ચાલતી બસમાં સામુહિક બળાત્કારનો શિકાર થયેલી વિદ્યાર્થિનીને ન્યાય આપવા માટે બળાત્કારીઓને મૃત્યુદંડની સજાની માંગ કરવામાં આવી રહી છે. દેખાવકારોને સોનિયા ગાંધી બીજી વખત મળ્યા છે. કેટલાક દેખાવકારો તીવ્ર ઠંડી હોવા છતાં સોનિયા ગાંધીના આવાસની બહાર જ રોકાયા હતા.

ગાંધીએ ખાતરી આપી હતી કે દોષિતોને કઠોર સજા કરવામાં આવશે. દરમિયાન આગામી આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી ઈન્ડિયા ગેટના નજીકના આઠ મેટ્રો સ્ટેશન બંધ રાખવામાં આવશે. સાવચેતીના પગલારૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રગતિ મેદાન, મંડીહાઉસ, બારાખંબા રોડ, પટેલ ચોક, કેન્દ્રિય સચિવાલય, ખાન માર્કેટ, ઉદ્યોગભવન, રેસકોર્સ મેટ્રો સ્ટેશન બંધ રાખવામાં આવ્યા છે. દિલ્હી પોલીસના આદેશ બાદ આ નિર્ણય લેવામાં આવ્યા છે.

સચિનની રસપ્રદ બાબતો

માસ્ટર બ્લાસ્ટર સચિને તેન્ડુલકરે વનડે ક્રિકેટમાંથી આજે નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી આની સાથે જ એક શાનદાર યુગનો અંત આવી ગયો હતો. સચિનને સરડોન બ્રેડમેન બાદના ક્રિકેટ ઈતિહાસના હજુ સુદીના સૌથી મહાન ખેલાડી તરીકે ગણવામાં આવે છે. સચિને ૩૯ વર્ષની વયે નિવૃત્તિ લીધી છે. સચિનની રસપ્રદ બાબતો નીચે મુજબ છે.

- આધુનિક ક્રિકેટમાં સરડોન બ્રેડમેન બાદ સૌથી મહાન ખેલાડી તરીકે પ્રતિષ્ઠિત રહ્યો
- વનડેમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી તરીકે નિવૃત્તિ લીધી
- સચિને ૪૬૩ વનડેમાં ૪૪.૮૩ રનની સરેરાશ સાથે ૧૮૪૨૬ રન કર્યા
- સચિને વનડેમાં ૪૯ સદી અને ૯૬ અડધી સદી ફટકારી
- વનડેમાં સૌથી પ્રથમ બેવડી સદી ફટકારવાનો રેકોર્ડ પણ સચિનના નામ પર જ છે
- સચિન આંતરરાષ્ટ્રીય વનડેમાં ૨૩ વર્ષ સુધી રમ્યો
- સચિને ૧૯૮૯માં પ્રથમ વનડે પાકિસ્તાન સામે રમી હતી
- સચિન વર્ષ ૨૦૦૬માં ટી-૨૦માં એકમાત્ર રમ્યો હતો.
- સચિને છેલ્લી સદી બાંગ્લાદેશ સામે માર્ચમાં ફટકારી હતી જેથી સદીની સદી પૂરી થઈ હતી
- એક વર્ષ સુધી ૯૯ સદી પર અટકેલો રહ્યો હતો
- સચિનની નજીક પહોંચી શકે તેવા કોઈ પણ ખેલાડી દેખાઈ રહ્યા નથી
- પોન્ટીંગ, જયસુર્યા નિવૃત્તિ લઈ ચુક્યા છે
- વનડે કેરિયરમાં સચિને ૧૫૪ વિકેટ પણ લીધી હતી જેમાં બે વખત પાંચ વિકેટનો સમાવેશ થાય છે
- ટેસ્ટ ક્રિકેટમાં સચિન ૫૧ સદી અને ૬૬ અડધી સદી કરી ચુક્યો છે
- સચિન ઈતિહાસમાં સૌથી સફળ વનડે ખેલાડી રહ્યો છે
- ૨૦૦૨માં ઓલ ટાઈમ મહાન ટેસ્ટ ખેલાડી તરીકે તેની પસંદગી થઈ હતી
- વીવ રિચર્ડ્સ બાદ ઓલ ટાઈમ બીજા સૌથી મહાન વનડે ખેલાડી તરીકે તેની પસંદગી થઈ હતી
- ૨૦૦૩માં આઈસીસી વર્લ્ડકપનો પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ એવોર્ડ જીત્યો હતો
- ૨૦૧૦મા સર ગારફિલ્ડ સોબર્સ ટ્રોફી જીતી હતી
- સચિન ભારતીય સંસદમાં રાજ્યસભાનો સભ્ય છે
- ૨૦મી નવેમ્બર ૨૦૦૯ના દિવસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૩૦૦૦૦ રન પુરા કર્યા હતા
- પાંચમી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે સચિન વનડે, ટેસ્ટ અને ટી-૨૦માં ૩૪૦૦૦ રન પૂર્ણ કરનાર ઈતિહાસનો પ્રથમ ખેલાડી બન્યો
- ટેસ્ટ અને વનડે બંનેમાં સૌથી વધુ સદી ફટકારવાનો રેકોર્ડ તેના નામ પર છે
- સચિન ૬૫૭ આંતરરાષ્ટ્રીય મેચો રમી ચુક્યો છે
- ભારતના બીજા સૌથી મોટા આંતરરાષ્ટ્રીય નાગરિક સન્માનથી સન્માનિત થઈ ચુક્યો છે
- રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ પણ મળી ચુક્યો છે
- ૨૦૧૨માં રાજ્યસભા માટે પસંદગી કરાઈ હતી
- ૨૦૧૨માં જ ઓર્ડર ઓફ ઓસ્ટ્રેલિયાનું સન્માન પણ મળ્યુ હતુ

અપરાધીઓને ફાંસીની સજા થવી જોઈએ : રામદેવ

દેશભરમાં થઈ રહેલા હિંસક પ્રદર્શનના મામલે અણ્ણા અને બાબા રામદેવ પણ દેખાવકારોના ટેકામાં

નવી દિલ્હી,તા. ૨૩

દેશભરમાં થઈ રહેલા હિંસક પ્રદર્શનના મામલે હવે સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે અને બાબા રામદેવ પણ ઉતરી ગયા છે. આ બંને દેખાવકારોના સમર્થનમાં

આગળ આવ્યા છે. અણ્ણા હજારેએ આવા મામલાઓમાં કઠોર કાયદા બનાવવા અને અતિ ઝડપી કાર્યવાહી કરવાની આજે માંગ કરી હતી. અણ્ણા હજારેએ અહમદ નગર જિલ્લામાં પોતાના રાલેગનસિદ્દી ગામમાં પ્રતિક્રિયા આપતા કહ્યુ હતુ કે દેખાવ માટે ઉતરેલા લોકો રાષ્ટ્રભક્તો છે. તેમની નારાજગી અને પ્રદર્શન અહિંસાનો માર્ગ રજુ કરે છે. આ લોકોને લોકશાહી વ્યવસ્થામાં અને બંધારણમાં સંપૂર્ણ વિશ્વાસ છે. અણ્ણાએ કહ્યુ હતુ કે રાષ્ટ્રીય પાટનગરમાં સામુહિક બળાત્કારની ઘટના દર્શાવે છે કે અપરાધિક અને અસામાજિક તત્વોને સરકારી વ્યવસ્થાનો કોઈ ડર નથી જેથી સરકારે મહિલાઓની સામે અપરાધ કરનાર લોકોને કઠોર સજા કરવા કાયદામાં ફેરફાર કરવા જોઈએ.

બીજાબાજુ પ્રદર્શનકારીઓની તરફેણમાં બાબા રામદેવ પણ ઉતરી ગયા છે. છેલ્લા છ દિવસથી ચાલી રહેલા હિંસક આંદોલનમાં બાબા રામદેવ પણ ઉતરી ગયા છે. બાબા રામદેવ પણ આજે તેમના કાફલા સાથે જંતરમંતર પર પહોંચી ગયા છે. રામદેવે કહ્યુ હતુ કે ગેંગરેપના દોષિતને ફાસીથી ઓછી સજા મંજુર થશે નહીં. બાબા રામદેવને પોલીસ પહેલા દિલ્હી આવતા રોકી રહી હતી. મોડા સુધી તેમના કાફલાને રોકવામાં આવ્યો હતો. ત્યારબાદ બાબા રામદેવના કાફલાને રામલીલા મેદાન પર લઈ જવામાં આવ્યો હતો જ્યાંથી તેઓ જંતરમંતર પહોંચ્યા હતા. બાબા રામદેવ પહોંચતા ન્યાયની માંગ કરી રહેલા દેખાવકારોનો ઉત્સાહ વધ્યો હતો. પોલીસ અને અર્ધલશ્કરી દળના જવાનોએ વ્યાપક પગલા લેવાની ફરજ પડી હતી.

શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

ભ્રુણહત્યા વિરોધ, બાળકોને શિક્ષણ, શહેરી-ગ્રામિણ ગરીબોને સહાય, ગામડાં સુધી પહોંચતી 'જ્યોતિગ્રામ' યોજના, કૃષિ વિકાસ અને જળસંચય, નિરોગી ગામ અને આરોગ્ય વિકાસ : આ કેટલાંક અભિયાન ગુજરાતની અસ્મિતા માટે પૂરક અને પ્રેરક બનવા માંડ્યાં છે. ૨૦૦૭ની ચૂંટણીમાં 'જીતેગા ગુજરાત' અને આ વખતે 'એકમત ગુજરાત' એક સનાતન સંકલ્પના છે. વિશ્વના તખ્તા પર ગુજરાતે સર્વક્ષેત્રે સિધ્ધિનો સૂર્ય પ્રકાશિત કરવાનો છે એવો સંદેશ આ બે શબ્દોના સૂત્રમાં પડેલો છે.

સામાજિક ક્ષેત્રે પરિવર્તન અને વિકાસ માટે સમાજે સ્વયં જાગૃત એ સક્રિય થવાની આવશ્યકતા હોય છે. કોઈ પણ સમાજનો સર્વાંગી વિકાસ દરેક ક્ષેત્રમાં, દરેક સ્તરે થવો જોઈએ. કેટલાક હજાર વર્ષે પછી પણ આપણા સમાજમાં સ્ત્રી-પુરૂષના દરજ્જામાં ભેદભાવ, જ્ઞાતિગત અસમાનતાઓ, વૈશ્વિક આન્યંતિક, ભૌતિકવાદને કારણે સ્વસ્થ પરંપરાઓ અને સંસ્કૃતિ પરના કુઠારાઘાતોને પરિણામે તૂટતા પરિવારો, સામાજિક સંબંધોમાં અવિશ્વાસ, સ્પર્ધાઓથી બહાવરો બનેલો યુવાવર્ગ અને આવતીકાલની આશા, એવા વિદ્યાર્થીના આપઘાતો - આ બધી ભયાનક પરિસ્થિતિ સામે સરકાર કાયદા તો બનાવે જ છે. દા.ત. સ્ત્રી ભ્રુણ હત્યા નિવારણ અને સ્ત્રી શિક્ષણ. પણ જો સમાજ દૃઢ રીતે અને નિષ્ઠાપૂર્વક તેમાં સહભાગી ન થાય તો અંદરથી તૂટતો જાય છે. માટે ગુજરાતની શાણી પ્રજાએ પણ આ અનિષ્ઠો સામે સાવધાન રહી સ્વસ્થ - સમન્વયવાદી સમાજમાં નિર્માણમાં સહોયગી બનવાનો સમય છે.

ગુજરાતના સામાજિક જીવનને ભ્રષ્ટાચાર, શિથિલતાના અભાવ અને અનિર્ણાયતામાંથી બચાવવું હોય તો વહીવટી તંત્રને 'કર્મયોગી' બનાવવાનો અભિગમ નોંધપાત્ર છે. તેની સાથે જ તંદુરસ્ત લોકતંત્ર માટે દરેક ચૂંટણીને લડાઈ નહીં પણ તંદુરસ્ત સ્પર્ધામાં બદલવામાં આવે, નાતજાત, કોમ, સંપ્રદાય, નાણાં, ગુંડાગર્દીથી મુક્ત કરવામાં આવે અને સંસદીય લોકશાહીને અનુરૂપ અભ્યાસી, દક્ષ, પ્રજાપ્રેમી પ્રતિનિધિઓ જ સ્થાનિક સ્વરાજ સંસ્થાથી માંડીને ધારાસભા - લોકસભા - રાજયસભામાં જાય તેવા અસરકારક પ્રયાસો હવે શરૂ થવા જોઈએ.

આ પુસ્તકમાં એ વાત પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે કે આવનારાં વર્ષોમાં એક ઘણો મોટો પડકાર છે. નેતૃત્વ અને કર્તૃત્વ બંને માટે, કારણ કે તમામ ક્ષેત્રો ગુણાત્મક પરિવર્તન સાથે એ અચૂક પણે જોડાયેલાં હોવા જોઈએ. જો વ્યક્તિ અને વ્યવસ્થાનું ગુણાત્મક પરિવર્તન લાવવું હોય તો આંતરિક પ્રવાહને માટે સંકલ્પિત અને સક્રિય થવું એ ગુજરાતના ભવિષ્યનો કીર્તિસ્તંભ બનશે. અને ત્યારે આપણે સ્વપ્નદ્રષ્ટા કવિ નર્મદની જેમ કહી શકીશું કે 'તે રંગ થકી પણ અધિક રંગથી શોભશે સત્વરે માત! જય જય ગરવી ગુજરાત!'

'સ્વર્ણિમ ગુજરાતના ૫૦ વર્ષ' પુસ્તકના લેખક વિષ્ણુ પંડ્યા એક અગ્રણી પત્રકાર અને રાજકીય વિશ્લેષક છે. તેમનાં પુસ્તકોનું સંપાદન ડૉ. આરતી પંડ્યાએ બહુ સુંદર રીતે કર્યું છે. રાજકીય વિશ્લેષણ, ઈતિહાસ, પત્રકારત્વ, સાહિત્ય, જીવન ચરિત્ર એમ અનેક વિધ ક્ષેત્રે તેમનાં ખેડાણને સંકલિત કરી ગુજરાતનો વિવિધલક્ષી પરિચય તેમના પુસ્તકો દ્વારા આપ્યો છે. તેમાં આ પુસ્તક ખુબ જ માહિતી પ્રદ દસ્તાવેજી પુરાવાઓ સમાન અને ગુજરાતની આગવી ઓળખ સમાન લાગ્યા વિના રહેતું નથી. તે માટે લેખક અને સંપાદક બંને ધન્યવાદના અધિકારી છે.

'સ્વર્ણિમ ગુજરાતના ૫૦ વર્ષ'
લેખક - વિષ્ણુ પંડ્યા. સં. આરતી પંડ્યા
પ્રકાશક - નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ
કિંમત - રૂા. ૩૦૦, પાન - ૧૯૪

વીરભદ્ર હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે

છઠ્ઠી વખત મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે

શિમલા,તા. ૨૩

કોંગ્રસના વરિષ્ઠનેતા વીરભદ્રસિંહ ૨૫મી ડિસેમ્બરના દિવસે હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે શપથ લઈ શકે છે. મુખ્યમંત્રી તરીકે તેઓછઠ્ઠી વખત સત્તારૂઢ થનાર છે. કોંગ્રેસના એક નેતાએ માહિતી આપતા કહ્યુ હતુ કે કોંગ્રેસ આ જનાદેશના સન્માનમાં વહેલીતકે સરકારની રચના કરવાની પ્રક્રિયાને આગળ વધારવા માંગે છે આ નેતાએ એમ પણ કહ્યુ છે કે વીરભદ્રસિંહ શપથ લેતા પહેલા દિલ્હી જઈને પક્ષના નેતા સોનિયા ગાંધી સાથે વાતચીત કરશે.

આ ઉપરાંત અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે પણ વાતચીત કરશે. નવી સરકારની રચનાના મુદ્દે વાતચીત કરવામાં આવનાર છે. વીરભદ્રસિંહને શનિવારના દિવસે અનોપચારિક રીતે કોંગ્રેસ વિધાનસભા પક્ષનાનેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી તરીકે તેમના નામ અંગેનો નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવશે. દિલ્હી માટે રવાના થતા પહેલા વીરભદ્રસિંહ રાજયપાલને મળ્યા હતા અને સરકારની રચના કરવાનો દાવો કર્યો હતો. રાજ્યપાલે ગઈકાલે રાજ્ય વિધાનસભાને વિખેરી કાઢી હતી અને મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમાલને નવી સરકારની રચના સુધી હોદ્દા પર રહેવાનો આદેશ કર્યો હતો.

રેલવેના યાત્રી ભાડામાં નજીવો વધારો થઈ શકે

નવી દિલ્હી,તા. ૨૩

રેલવેયાત્રા ટૂંકમાં વધુ મોંઘી બને તેવી શક્યતા દેખાઈ રહી છે. રેલવેને હાલ ૨૦૦૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યુ છે. આ નુકસાનમાંથી બહાર આવવા માટે રેલવે આગામી મહિનાઓમાં યાત્રી ભાડામાં પાંચથી ૧૦ પૈસા પ્રતિ કિલોમિટરનો વધારો કરવામાં આવે તેવી ઈચ્છા રાખે છે. આનાથી રેલવેને ૪૦૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક મળશે. આ દરમિયાન રેલવે દ્વારા સૂચિત આરટીએના વ્યાપક પાસાઓ ને આખરી ઓપ આપવાની કવાયત ચાલી રહી છે. આને કેબિનેટ સમક્ષ જાન્યુઆરીમાં રજુ કરવામાં આવશે.

ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં સપડાયું : ગુલમર્ગમાં માઈનસ ૭.૬

ધુમ્મસની ચાદરથી રેલવે અને વિમાની સેવાને માઠી અસર

જનજીવન ખોરવાયું : બે ફ્લાઈટો રદ : મેદાની ભાગો ઠંડાગાર

નવી દિલ્હી,તા. ૨૩

ઉત્તરભારત ઠંડીના સકંજામાં આવી ગયુ છે જ્યારે જમ્મુ કાશ્મીરમાં સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઈ છે. આજે સવારે સમગ્ર ઉત્તરભારતમાં ધુમ્મસના ચાદર છવાઈ ગઈ હતી જેથી જનજીવનને માઠી અસર થઈ હતી. માર્ગો, રેલવે અને વિમાની સેવાને અસર થઈ હતી. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પણ સવારે લોકો ઉઠ્યા ત્યારે પણ ધુમ્મસની સ્થિતિ હતી. લઘુતમ તાપમાન બે ડિગ્રી ઘટીને ૫.૯ ડિગ્રી થઈ ગઈ હતી. હવામાન વિભાગે કહ્યુ છે કે આવતીકાલે સવારે પણ ધુમ્મસની સ્થિતિ રહેશે. ધુમ્મસના કારણે માર્ગો અને વિમાની સેવાને અસર થઈ હતી. દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય વિમાનીમથકે ફ્લાઈટ ઓપરેશનને એક કલાક સુધી સાવચેતીના પગલારૂપે મોકુફ રાખવાની ફરજ પડી હતી જેથી વિમાનીયાત્રીઓને કાતિલ ઠંડી વચ્ચે વિમાની મથકે રોકાવાની ફરજ પડી હતી. આશરે ૨૦ ફ્લાઈટોમાં વિલંબ થયો હતો. બે ફ્લાઈટોને રદ્દ કરી દેવાની ફરજ પડી હતી. જમ્મુ કાશ્મીરના પાટનગર શ્રીનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ ગુલમર્ગમાં લઘુતમ તાપમાન માઈનસ ૭.૬ ડિગ્રી થઈ ગયુ હતુ જ્યારે પહેલગામમાં તાપમાન માઈનસ ૭.૪ ડિગ્રી નોંધાયુ હતુ. શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ ચાર ડિગ્રી નોંધાયુ હતુ જે આ સિઝનમાં સૌથી વધુ ઠંડીનો સંકેત આપે છે.

પડોશી હિમાચલ પ્રદેશમાં પણ ઠંડીની સ્થિતિમાં કોઈ રાહત મળી નથી. ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા થતા તાપમાનમાં ઘટાડો થયો છે. લાહોલ, સ્પિતી જિલ્લામાં માઈનસ ૧૦ ડિગ્રી તાપમાન થયુ હતુ. પંજાબ અને હરિયાણાના મેદાની ભાગોમાં પણ લઘુતમ તાપમાનમાં બેથી સાત ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. ધુમ્મસના કારણે રેલવે અને વાહનવ્યવહારને અસર થઈ હતી. હરિયાણાના હિસારમાં સૌથી વધુ ઠંડી જોવા મળી હતી.

અહીં તાપમાનમાં પાંચ ડિગ્રી સુધીનો ઘટાડો થયો હતો જેથી તાપમાન ઘટીને ૧.૮ ડિગ્રી નોંધાયુ હતુ. અમૃતસરમાં તાપમાન ૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ જે સામાન્ય કરતા બે ડિગ્રી ઓછુ છે. બીજીબાજુ નારનોલ ખાતે ૩.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ જે સામાન્ય કરાત ત્રણ ડિગ્રી ઓછુ છે. દરમિયાન જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં પણ તીવ્ર ઠંડી પડી રહી છે. અહીં તાપમાન પાંચથી નવ ડિગ્રી નોંધાયુ છે. રાજસ્થાનના અજમેર, માઉન્ટ આબુ, ઉદેયપુર, સવાઈ માધવપુર, ચુરુમાં સૌથી વધુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હજુ તીવ્ર ઠંડી જારી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે.

પૉલીશ્ડ ડાયમંડની નિકાસમાં ૨૦ ટકા જેટલો વધારો નોંધાયો

સુરત,તા. ૨૩

થોડાક સમય પહેલા જ પ્રચંડ સેન્ડી વાવાઝોડુ ત્રાટક્યુ હતુ જેના કારણે વિશ્વના સૌથી મોટા ડાયમંડ જવેલરી કન્ઝ્યુમર માર્કેટમાં વેચાણને માઠી અસર થઈ હતી. અમેરિકામાં ડાયમંડ બજારને અસર થતા સુરતના કારોબારીઓ પણ ચિંતિત બન્યા હતા. પરંતુ સુરત અને મુંબઈના ડાયમંડ કારોબારીઓ હવે ફરી એકવાર ખુશ દેખાઈ રહ્યા છે. આ વર્ષની શરૂઆત બાદથી જ પોલીસ્ડ ડાયમંડની નિકાસમાં ૨૦ ટકાનો વધારો થયો છે જેથી નિકાસ નવેમ્બર મહિનામાં વધીને ૧.૪૧ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે. જેમ્સ એન્ડ જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ(જીજેઈપીસી) દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યુ છે કે પોલીસ્ડ ડાયમંડની નિકાસ ૩૬.૬ ટકા વધીને એપ્રિલ-નવેમ્બરના ગાળા દરમિયાન ૧૦ અબજ ડોલરની સપાટી પર પહોંચી છે. હિરા કારોબારીઓના ચહેરા પર ફરી ખુશી આવી ગઈ છે. દરમિયાનમાં રફ આયાતમાં નવેમ્બર મહિનામાં ૨૨.૪ ટકાનો ઘટાડો થતા આ આંકડો ૮૯૨ મિલિયન ડોલરની નીચી સપાટીએ પહોંચ્યો છે. ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે કે વાવાઝોડા સેન્ડીના કારણે પણ અમેરિકન ખરીદારોને ક્રિસમસના પ્રસંગે કોઈ અડચણ નડી નથી. ક્રિસમસની સિઝનમાં જવેલરીનું ઓનલાઈન વેચાણ ૧૦થી ૧૫ ટકા સુધી વધી ગયુ છે. રિટેલ વેચાણમાં પણ ૨.૫થી ૩ ટકા સુધીનો વધારો અગાઉની સિઝનની સરખામણીમાં થયો છે. હિરા કારોબારી ભારે ખુશખુશાલ દેખાઈ રહ્યા છે. ૧.૪૧ અબજ ડોલરની કિંમતના પોલીસ્ડ ડાયમંડ નિકાસ પૈકી આશરે ૬૦ ટકા નિકાસ એકલા અમેરિકામાં થઈ છે. વિદેશી ખરીદારો ક્રિસમસ પર ખરીદી કરવા આગળ વધી રહ્યા છે. એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં સુરત કારોબારીઓએ કહ્યુ છે કે અમેરિકા એક પરિપક્વ બજાર તરીકે છે. જ્યારે કુદરતી હોનારતો આવે છે ત્યારે ગ્રાહકો વધુ ખરીદી કરે છે.